GJVL050002472024

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૯/૦૨/૨૦૨૪ | | |
| નોંધ્યા તારીખ | ૦૯/૦૨/૨૦૨૪ | | |
| નિર્ણય તારીખ | ૦૬/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૩ | ૨૮ |

**-::નમૂનો-અ::-**

**ધરમપુરના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ધરમપુર.**

**ચુકાદાની તારીખ : ૦૬/૦૬/૨૦૨૬**

**ફોજદારી કેસ નં. ૨૧૫/૨૦૨૪**

| | |
|---|---|
| ગુનાની કલમ | પ્રોહીબીશન એકટની કલમ- ૬૬(૧)બી તથા મોટર વ્હીકલ એકટની કલમ- ૧૮૫ મુજબ.. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૦૦૧૮૨૩૧૨૯૦/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | ધરમપુર પોલીસ સ્ટેશન |
| ફરિયાદપક્ષ | નામદાર સરકારશ્રી |
| રજૂઆત | એ.પી.પી.શ્રી બી.એસ.ભોયે. |
| આરોપીપક્ષ | ૧) વૈભવ જયેશકુમાર શાહ, ઉ.વ.૩૨, વ્યવસાય- વેપાર, રહે. સી-૭૦૪, રીવેરા હાઇટ્સ, કોલેજ રોડ, ગોહરબાગ, બીલીમોરા, તા. ગણદેવી, જિ. નવસારી. |

**P.R.Dhankhar**
JMFC - DHARAMPUR

| | |
|---|---|
| રજૂઆત | વિ.વકીલશ્રી જે.એ.સોલંકી |
| –::નમૂનો–બ::– | |
| ગુનો બન્યા તારીખ | ૩૦/૦૭/૨૦૨૩ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૩૦/૦૭/૨૦૨૩ |
| આખરી અહેવાલની તારીખ | ૧૦/૧૧/૨૦૨૩ |
| ચાર્જશીટ રજુ થયા તારીખ | ૦૯/૦૨/૨૦૨૪ |
| તહોમતનામું નોંધ્યા તારીખ | ૦૯/૦૩/૨૦૨૪ |
| પુરાવાના સ્ટેજે આવ્યા તારીખ | ૦૯/૦૩/૨૦૨૪ |
| જજમેન્ટ/હુકમ ઉપર આવ્યા તારીખ | ૦૬/૦૬/૨૦૨૬ |
| જજમેન્ટ/હુકમની તારીખ | ૦૬/૦૬/૨૦૨૬ |

::આરોપીની વિગત ::

| અ નુ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્ત | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયનો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વૈભવ જયેશ કુમાર શાહ | ૩૦/૭/૨૩ | ૩૦/૭/૨૩ | પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ | નિર્દોષ | – | – |

**::નમૂનો ક::**

**મૌખિક પુરાવા :–**

**અ. ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા :–**

| **અનુ.** | **નામ** | **આંક** |
|---|---|---|
| (૧) | ફરિયાદી રમેશભાઇ યશવંતભાઈની જુબાની | ૭ |
| (૨) | પંચસાહેદ જીતેશભાઇ જયંતિભાઇ ચૌધરીની જુબાની | ૧૦ |
| (૩) | પંચસાહેદ રાહુલભાઇ ઠાકોરભાઇ સોલંકીની જુબાની | ૧૨ |
| (૪) | ડો. સાહેદ હાર્દીકભાઇ નવિનભાઇ પટેલની જુબાની | ૧૫ |
| (૫) | ત.ક.અ.શ્રી સમરસિંહ વખતસિંહની જુબાની | ૨૦ |

**બ. બચાવપક્ષ તરફે મૌખિક પુરાવા :–**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

**ક. <u>અદાલત દ્વારા :–</u>**

| અનુ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**<u>દસ્તાવેજી પુરાવા :–</u>**

**અ. <u>ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :–</u>**

| **અનુ.** | **આંક** | **પુરાવાનું વર્ણન** |
|---|---|---|
| (૧) | ૮ | ફરિયાદ |
| (૨) | ૧૧ | શરીર સ્થિતીનું પંચનામું |
| (૩) | ૧૬ | યાદી |
| (૪) | ૧૭ | ફોર્મ–એ |
| (૫) | ૧૮ | ફોર્મ–બી |
| (૬) | ૧૯ | ફોર્મ–સી |
| (૭) | ૨૧ | ડેપ્યુટ હુકમ |

**બ. <u>બચાવપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :–</u>**

| અનુક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**ક. <u>અદાલત દ્વારા :–</u>**

| અનુક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**<u>ડ. સામગ્રીની વસ્તુઓ :–</u>**

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

| અનુ ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**-:: ચુ કા દો ::-**

**કેસની ટુંકી હકીકત :**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, તા. ૩૦/૦૭/૨૦૨૩ ના કલાક ના કલાક ૧૪:૦૫ વાગ્યે મોજે વિલ્સન હીલ, પંગારબારી ત્રણ રસ્તા પાસે આ કામના આરોપીએ પોતાના કબજાની એક ટાઇકુન કલરની ગ્રાન્ડ આઇ-૧૦ કાર નંબર- જીજે ૨૧ સીબી ૭૮૬૨ ની ઉપર વગર પાસ પરમીટે કેફી પીણું પીધેલ હાલતમાં હંકારી લઈ આવી પકડાઇ જઇ ગુનો કરેલ હોવાથી પોલીસે અત્રેની નામ. કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

**ન્યાયિક કાર્યવાહી**

(૨) હાલના કામના આરોપી વિરુદ્ધ અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ થતા ફોજદારી કાર્યરિતી અધિનિયમ કલમ- ૧૯૦(૧)(ખ) આધારે આરોપી વિરુદ્ધ **પ્રોહીબીશન એકટની કલમ- ૬૬(૧)બી તથા મોટર વ્હીકલ એકટની કલમ- ૧૮૫** ના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે કલમ- ૨૦૪ અન્વયે આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી તેમના વિ.વ.શ્રી. મારફતે અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલા હતા. સી.આર.પી.સી.ની કલમ- ૨૦૭ માં ઠરાવેલ જોગવાઇ અનુસાર આરોપીને તેઓને બચાવ માટે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે સોંપ્યાની ખાતરી કર્યા બાદ ઉપરોક્ત ગુના અન્વયેની સજાની જોગવાઈ ધ્યાને લેતાં ફોજદારી કાર્યરિતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ- ૨(એક્ષ) મુજબ વોરંટ ટ્રાયેબલ

ગુનો હોય આંક–**૪** થી તહોમતનામું ફરમાવી આંક–**૫** થી આરોપીનું નિવેદન નોંધતા તેઓની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી સદરહું અધિનિયમની કલમ– ૨૫૪ મુજબ ફરિયાદ પક્ષનો પુરાવો નોંધેલ છે.

(૩) ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ, આરોપીનું ફોજદારી કાર્યરિતી અધિનિયમની કલમ– ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેમાં આરોપીનો મુખ્યત્વે બચાવ ગુન્હાના ઈન્કારનો છે. આરોપીએ બચાવના સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર પુરાવો આપવાનું પસંદ કરેલ નથી. વધુમાં, તેઓએ વિશેષમાં એવું જણાવેલ છે કે,''અમો ગરીબ બાળબચ્ચાવાળા માણસો છીએ અને અમો મજુરી કરી અમારું ગુજરાન ચલાવીએ છીએ. કહેવાતો ગુનો અમોએ કરેલ નથી. જેથી નિર્દોષ છોડી મુકવા મહેરબાની કરશોજી.''

## <u>દલીલ</u>

(૪) અત્રે એ ઉલ્લેખનીય બાબત છે કે, એ.પી.પી.શ્રી અને આરોપીના વિ. વકીલશ્રીની દલીલો ધ્યાનપૂર્વક સાંભળવામાં આવેલ છે. તેમજ ફરિયાદપક્ષે કેસનું રેકર્ડ વંચાણે લેવામાં આવેલ છે અને જેની ચર્ચા મુદ્દાઓ સાથે સાંકળી લીધેલ છે.

(૫) ફરિયાદપક્ષના રજુ થયેલા પુરાવા ધ્યાને લેતાં કેસનો ન્યાયિક અંત આણવા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–।। મુદ્દાઓ ।।–**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૩૦/૦૭/૨૦૨૩ ના કલાક ના કલાક ૧૪:૦૫ વાગ્યે મોજે |

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

| | |
|---|---|
| | વિલ્સન હીલ, પંગારબારી ત્રણ રસ્તા પાસે આ કામના આરોપીએ પોતાના કબજાની એક ટાઇકુન કલરની ગ્રાન્ડ આઇ-૧૦ કાર નંબર- જીજે ૨૧ સીબી ૭૮૬૨ ની ઉપર વગર પાસ પરમીટે કેફી પીણું પીધેલ હાલતમાં હંકારી લઈ આવી પકડાઇ જઇ પ્રોહીબીશન એકટની કલમ- ૬૬(૧)બી તથા મોટર વ્હીકલ એકટની કલમ- ૧૮૫ મુજબનો ગુનો કરેલ છે? |
| (૨) | શું હુકમ? |

(૬) ઉપરોક્ત મુદ્દાઓના આ અદાલતના મત મુજબ નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| **(૧)** | **નકારમાં** |
| **(૨)** | **આખરી હુકમ મુજબ** |

**-॥ કારણો ॥-**

(૭) આ કામના વર્તમાન આરોપી વિરુદ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે અને જ્યાં સુધી આરોપી સામે ગુનો સાબિત ના થાય ત્યાં સુધી તે નિર્દોષ છે, તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં, ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદમાં સકારાત્મક પુરાવાથી શંકાથી પરે સાબિત કરવાના રહે છે. આ કામે ફરિયાદપક્ષે સૌ પ્રથમ નીચે મુજબના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે;

આ કામે ફરિયાદપક્ષે આરોપી સામે **પ્રોહીબીશન એકટની કલમ- ૬૬(૧)બી તથા મોટર વ્હીકલ એકટની કલમ- ૧૮૫ મુજબ** મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે અને જે ગુનાના

કાયદાકીય આવશ્યક તત્વોને ધ્યાને લેવામાં આવે તો તે ક્યારે અને કેવી રીતે બને તેની ચર્ચા કરું તો તે નીચે મુજબ છે :

આ કામે આરોપી વિરૂદ્ધ પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)બી અન્વયેના ગુનાનું તહોમત છે. જેની કાયદાકીય જોગવાઇઓ નીચે મુજબ છે :–

**કલમ–૬૬(૧)બી. તે દારૂ/શણના સેવન અથવા ઉપયોગ પર પ્રતિબંધ મૂકે છે.**

''માન્ય પરમીટ વિના કોઈપણ માદક પદાર્થ (અફીણ સિવાય) અથવા ગાંજાના સેવન, ઉપયોગ, કબજા અથવા પરિવહનને ફોજદારી ગુનો બનાવે છે.''

આ કામના આરોપી ઉપર મોટર વ્હીકલ એક્ટની કલમ– ૧૮૫ ના ગુનાનું તહોમત છે. જેની કાયદાકીય જોગવાઇઓ નીચે મુજબ છે :–

**કલમ–૧૮૫. દારૂ પીને નશામાં વાહન ચલાવવા સાથે સંબંધિત છે.**

''આ કાયદા મુજબ, જો કોઇ વ્યકિતના લોહીમાં ૧૦૦ મિલીલીટર લોહીમાં ૩૦ એમ.જી. થી વધુ આલ્કોહોલ જોવા મળે તો તે ગુનો બને છે.''

(૮) ઉપરોકત મુદ્દા સંબંધિત ફરિયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલાં પુરાવાના મૂલ્યાંકન શબ્દની અસરકારક કાનૂની છણાવટ ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની ત્રીજી આવૃતિના પાના નં.૭૩ ઉપર ઓથર માનનીય શ્રી બી.એન.

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

જાની ધ્વારા કરવામાં આવેલ છે અત્રે ટાંકવી આવશ્યક જણાતી હોય જે નીચે મુજબ ટાંકેલ છે :

> ''પુરાવાનું મૂલ્યાંકન શબ્દ પ્રયોગ કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઈપણ કાનુની સમપ્રિત નિયમો નથી. કારણ કે, પુરાવાનું મૂલ્યાંકન એક ભાવાત્મક પ્રક્રિયા છે. આ શબ્દ આ અધિનિયમ ન હોવા છતાં પણ વ્યવહારિક રીતે પ્રચલિત છે. જયારે પુરાવાના મૂલ્યાંકન વિશે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનિયમની કલમ-૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે, સાબિત તથા નાસાબિત શબ્દો વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકીકતનું અસ્તિત્વ એ અનઅસ્તિત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો ભાગ છે.''

આમ, પુરાવાના મૂલ્યાંકન સંબંધિત કાનુની જોગવાઈ લક્ષમાં લેતાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબિત થયેલ હોય તો આરોપીના ગુનાહિત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબિત થયેલ ન હોય તો આરોપીને કસુરવાન ઠેરવી શકાય નહી. આમ, ફરિયાદપક્ષના પુરાવા પરથી આક્ષેપિત ગુનો સાબિત કરે નાસાબિત થયેલાની પ્રક્રિયા એ પુરાવાના મૂલ્યાંકનનો ભાગ છે.

(૯) આ કામે ફરિયાદપક્ષે પંચસાહેદો જીતેશભાઈ જયંતિભાઈ ચૌધરી તેમજ રાહુલભાઈ ઠાકોરભાઈ સોલંકી નાઓને અનુક્રમે આંક-૧૦ અને ૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું બંને પંચસાહેદોને શરીર સ્થિતીનું પંચનામું બતાવવામાં આવતા તેમાં

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

અનુક્રમે પંચ નં.૧ અને ૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે, જે પંચનામું આંક– ૧૧ થી રજુ છે.

ત્યારબાદ ઉપરોકત બંને પંચસાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઇ વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલા અને બાદમાં વિ.એ.પી.પી.શ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં પણ કોઇ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ત્યારબાદ આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં તેઓએ એવી હકીકત સ્વીકારેલ છે કે, પોલીસના કહેવાથી તેઓએ એક લખેલ કાગળમાં સહી કરેલ હતી તેમજ તે સિવાય બીજું તેઓ કાંઇ જાણતા નથી. તેઓને પોલીસ સાથે કશે જવાનું થયેલ નથી.

(૧૦) ત્યારબાદ આ કામે આંક–૭ થી ફરિયાદી રમેશભાઇ યશવંતભાઇ નાઓને તપાસવામાં આવેલા છે. સદરહું ફરિયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ''તા.૩૦/૦૭/૨૦૨૩ ના રોજ અમો તથા સાથેના એ.એસ.આઇ. પ્રવિણભાઈ શ્યામરાવ સાથે વિલ્સનહીલ, પંગારબારી ત્રણ રસ્તા પાસે બે પંચોના માણસો સાથે વાહન ચેકીંગની કામગીરી કરતા હતા. તે દરમ્યાન વિલ્સનહીલ તરફથી એક ટાયકુન કલરની ગ્રેન્ડ આઈ ટેન કાર નં. જીજે ૨૧ સીબી ૭૮૬૨ ની આવતા તેને સરકારી લાકડીના ઈશારે ઉભો રહેવાનો ઈશારો કરતા તાત્કાલિક તેણે પોતાની કાર રોડની સાઈડમાં ઉભી રાખી દીધેલ. કાર ચાલકને કારમાંથી નીચે ઉતારી જોતાં કાર ચાલક પોતાની શરીર સ્થિતિનું સમતોલન જાળવી શકતો ન હતો અને લથડીયા ખાતો હોય જેથી સાથેના પંચો રૂબરૂ તેનું નામઠામ પૂછતા તેણે પોતાનું નામ વૈભવ જયેશકુમાર શાહ, રહે. ગોહરબાગ, બીલીમોરા, તા. ગણદેવી, જી. નવસારીનો હોવાનું જણાવેલ. જેથી સાથેના પંચો રૂબરૂ તેમનું મોઢું સુંઘી સુંઘાડી ખાતરી કરતા તેમના મોઢામાંથી દારૂ પીધેલાની તીવ્ર વાસ આવતી હોય વધુમાં સાથેના

એ.એસ.આઇ.શ્રી નાઓઓ બ્રેથ એનાલાઈઝર મશીનથી નવી સ્ટ્રો લગાડી ચેક કરતાં તેણે દારૂ પીધેલાનું જણાઈ આવેલ. જેથી પંચો રૂબરૂ તેઓ પાસે દારૂ પીવા અંગેની પાસ પરમીટની માંગણી કરતા તેઓએ આવું કોઈ પાસ પરમીટ ન હોવાનું જણાવેલ. ત્યારબાદ આરોપીની મેડીકલ ચેકઅપની ચકાસણી કરવા માટે મેડીકલ ઓફિસરને યાદી લખી તેની વધુ ચકાસણી કરવા માટે હોસ્પિટલમાં મોકલેલ અને આ અંગેનું અટક પંચનામું મારી સાથેના એ.એસ.આઇ. પ્રવિણભાઈ શ્યામરાવ નાઓએ કરેલું. આ અંગેની ફરિયાદ અમોએ ધરમપુર પો.સ્ટે. માં આપેલી. અમોને એફ.આઇ.આર. બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમાં ફરિયાદી તરીકે મારી સહી છે. જે ઓળખી બતાવું છું, જે ફરિયાદ આંક– ૮ થી રજુ છે.''

ત્યારબાદ ઉપરોકત ફરિયાદીએ આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકાર રાખેલ છે કે,''વાહન ચેકીંગમાં ચોકકસ કેટલા વાગે ઉભા રહેલા તે સમય અમારી ફરિયાદમાં જણાવેલો નથી. આ કામે અમોએ સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલી નહી. પંચોના નામ સરનામા મારી ફરિયાદમાં જણાવેલા નથી. કોઇ વ્યકિત બિમાર હોય અને દવાનું સેવન કરતો હોય તો આવા પ્રકારની વાસ મોઢામાંથી આવી શકે. આરોપીએ કયા પ્રકારનું કેફી પીણું પીધેલું છે તે મારી ફરિયાદમાં જણાવેલ નથી. બ્રેથ એનાલાઈઝરથી કહેવાતા આરોપી પાસે ફૂંક મરાવતા કેટલી માત્રામાં કેફી પીણું પીધેલું છે તેની હકીકત મારી ફરિયાદમાં લખાવેલી નથી. મારે ઉપલા અધિકારીની સૂચના મુજબ કામગીરી કરવી પડે.''

(૧૧) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૧૫ થી ડો. સાહેદ હાર્દીકભાઇ નવિનભાઇ પટેલ નાઓને તપાસવામાં આવેલા છે. સદરહું ડો. સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ''તા.

૩૦/૦૭/૨૦૨૩ ના રોજ અમો મેડીકલ ઓફિસર તરીકે ધરમપુર સ્ટેટ હોસ્પિટલ ખાતે ફરજ ઉપર હાજર હતા. તે દરમ્યાન આરોપી નામે વૈભવ જયેશકુમાર શાહને પોલીસ યાદી સાથે ધરમપુર પો.સ્ટે. ના હે.કો. ગણપતભાઈ માહલા, ૨૬૮ આરોપીને બ્લડ સેમ્પલ લઈ ચકાસણી કરવા સારું લાવેલ હતા. જે યાદીની કોપી આ કામે આંક- ૧૬ થી રજુ છે. આરોપીની તપાસણી કરતા તેના શ્વાસમાં આલ્કોહોલની વાસ હતી, તેની ભાષા સામાન્ય હતી, તેની ચાલ સ્થિર હતી અને તેની આંખની કીકી પહોળી થયેલી હતી અને મારા અભિપ્રાય મુજબ ઉકત વ્યકિતએ આલ્કોહોલ લીધો હતો અને તે આલ્કોહોલની અસર તળે હતો. જે અંગે અમોએ ફોર્મ- એ ભરેલ. જેમાં મેડીકલ ઓફિસર તરીકે અમોએ સહી કરેલી અને અમારા હોદ્દાનો શીલ મારેલો જે ફોર્મ- એ આ કામે આંક- ૧૭ થી રજુ છે. ત્યારબાદ અમોએ પ્રથમ આરોપીના ડાબા હાથની કોણીમાં નોર્મલ સલાઈનથી સાફ કરી ૫ એમ.એલ. જેટલું બ્લડ સીરીંજ દ્વારા લઈ ફલોરાઈડ વેકયુટીમાં લઈને તેના ઉપર આરોપીનું નામ, એમ.એલ. સી. નંબર લખી લાખ વડે શીલ કરી ફોર્મ- બી ભરીને ઓફિસ ખાતે આપેલ હતું અને જે ગાંધીનગર એફ.એસ.એલ. કચેરી મોકલવા માટે જણાવેલ હતું, જે ફોર્મ- બી આંક- ૧૮ થી રજુ છે. ત્યારબાદ એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર મુકામેથી આલ્કોહોલના સેમ્પલ અંગે પૃથ્થકરણ અહેવાલ ફોર્મ- સી આવી જતા તેમાં આરોપીના બ્લડમાંથી ૦.૦૬૬૩ ગ્રામ પરસેન્ટેજ જેટલું ઈથાઈલ આલ્કોહોલ જોવા મળેલ. જે ફોર્મ- સી આ કામે આંક- ૧૯ થી રજુ છે.''

ત્યારબાદ સદરહું ડો. સાહેદે આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકાર રાખેલ છે કે,''કહેવાતા આરોપીને પોલીસ યાદી સાથે લાવેલા. મારી સમક્ષ જયારે કહેવાતા આરોપીને લઈને આવેલા ત્યારે પોતાની રીતે ચાલીને

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

આવેલા. કહેવાતા આરોપી મારી સૂચનાનું પાલન કરતો હતો. કોઇ વ્યકિતને આંખમાં ઇન્ફેકશન હોય તો તેની આંખ લાલ હોઇ શકે. કોઇ વ્યકિત શરદી, ખાંસીની કફ સીરપ તેમજ પાકા ચીકુનું વધારે પડતું સેવન કરવાથી આલ્કોહોલનું પ્રમાણ લોહીમાં આવી શકે કે કેમ તે હું ચોકકસપણે કહી શકું નહી. બ્લડ સેમ્પલ લીધા બાદ શીશીને શીલ માર્યા બાદ તેના પર કહેવાતા આરોપીની કોઇ સહી લીધેલી નહી. બ્લડ સેમ્પલ લીધા બાદ કબાટમાં મુકેલું અને એ કબાટ બધા જ ડોકટરો ઉપયોગ કરી શકે. બ્લડ સેમ્પલ લીધેલી શીશી મે જાતે રવાના કરેલી નહી. તે શીશી કોણે અને કેવી રીતે મોકલાવેલી તે અંગેની મારી પાસે કોઇ જાતમાહિતી નથી. મે ગુજરાત પ્રોહી. મેડીકલ એક્ષામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ ૧૯૫૯ ના રૂલ ૩ અને ૪ નો અભ્યાસ કરેલો નથી. બોમ્બે બ્લડ ટેસ્ટ રૂલ ૪(૨) મુજબ અમારી હોસ્પિટલનો મોનોગ્રામ મારેલ પત્ર સાથે સામેલ રાખેલ નથી. લીધેલા બ્લડ સેમ્પલ ગંઠાઇ ના જાય તેના માટે કેટલા પ્રમાણમાં રસાયણ મિશ્રણ કરવામાં આવેલું તે હું ચોકકસપણે કહી શકું નહી.''

**(૧૨)** ફરિયાદપક્ષે આ કામે આંક–૨૦ થી ત.ક.અ.શ્રી સમરસિંહ વખતસિંહ નાઓને તપાસવામાં આવેલા છે. સદરહું ત.ક.અ.શ્રી એ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,'' તા.૩૦/૦૭/૨૦૨૩ ના રોજ અમો હે.કો. તરીકે ફરજ પર હાજર હતા તે દરમ્યાન અમારા પોલીસ કર્મી રમેશભાઇ યશવંતભાઇ તથા એ.એસ.આઇ. પ્રવિણભાઇ શ્યામરાવ નાઓ વિલ્સનહીલ પર્યટન સ્થળ પંગારબારી ત્રણ રસ્તા પાસે વાહન ચેકીંગમાં હતા. તે દરમ્યાન આ કામના આરોપી પોતાના કબજાની ટાઇફુન કલરની ગ્રાન્ડ આઇ ટેન કાર નં. જીજે ૨૧ સીબી ૭૮૬૨ માં દારૂ પીધેલી હાલતમાં નશો કરી ગાડી હંકારી લાવી તેને નીચે ઉતારી જોતાં લથડીયા ખાતો હોય જેથી તેની સામે કાયદેસર

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

થવા પો.કો. રમેશભાઈ યશવંતભાઈ ભોયા નાઓએ ફરિયાદ આપેલી. આ અંગે પંચનામું પ્રવિણભાઈ શ્યામરાવ, એ.એસ.આઇ. નાઓએ કરેલું. જે ગુનો રજીસ્ટર થતા ધરમપુર પો.સ્ટે. એફ.આઇ.આર. નં.૨૩૧૨૯૦/૨૦૨૩, એમ.વી. એકટની કલમ- ૧૮૫ તથા પ્રોહી. એકટની કલમ- ૬૬(૧)બી મુજબનો ગુનો રજીસ્ટર થયેલો. અમોને તપાસ ડેપ્યુટ કરવામાં આવેલી. જે ડેપ્યુટ હુકમ આ કામે આંક- ૨૧ થી રજુ છે. અમોને તપાસ મળ્યા બાદ અમોએ આરોપીના નિવેદન નોંધેલા તેમજ એફ.એસ.એલ. કચેરીમાં મોકલેલ પૃથ્થકરણ અહેવાલ આવી જતા સદર કામે સામેલ રાખેલ અને આરોપી સામે પુરતા પુરાવા પડતા ચાર્જશીટ કરેલ.''

ત્યારબાદ ઉપરોકત ત.ક.અ.શ્રી એ આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા લેવાયેલ ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકાર રાખેલ છે કે,''આ કામની તપાસ અમોને લેખિતમાં મળેલી. તપાસના કામે સાધનિક કાગળો જેવા કે ફરિયાદ અને પંચનામાની નકલ મને સાથે મળેલી. પંગારબારી રોડ એ ધરમપુરને જોડતો મુખ્ય માર્ગ છે ત્યાંથી ઘણા બધા વાહનોની અવર જવઅર થાય છે. તપાસ સંભાળ્યા બાદ કહેવાતી ગુનાવાળી જગ્યા ઉપર હું ગયેલ નહી. આ કામે મે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. બ્રેથ એનાલાઇઝરમાં ફૂંક મરાવતા કેટલી માત્રામાં કેફી પીણું બતાવેલ તે ફરિયાદમાં જણાવેલ નથી. પંગારબારી ત્રણ રસ્તા પાસેથી સ્વતંત્ર સાહેદો અને પંચો મળી શકે. ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી. ગુનાવાળી જગ્યા પર કોઇ ફરિયાદ આપેલ નથી.''

## **-: પુરાવાઓનું મૂલ્યાંકન :-**

(૧૩) હાલના કામે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, આંક-૭ થી ફરિયાદી રમેશભાઇ યશવંતભાઇ નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની ઉલટતપાસમાં એવી હકીકતો સ્વીકારેલ છે કે, કોઇ

વ્યકિત બિમાર હોય અને દવાનું સેવન કરતો હોય તો આવા પ્રકારની વાસ મોઢામાંથી આવી શકે. વધુમાં તેઓએ આરોપીએ કયા પ્રકારનું કેફી પીણું પીધેલું છે તે તેઓની ફરિયાદમાં જણાવેલ નહી હોવાની હકીકત સ્વીકારેલ છે. તેઓએ બ્રેથ એનાલાઇઝરથી કહેવાતા આરોપી પાસે ફૂંક મરાવતા કેટલી માત્રામાં કેફી પીણું પીધેલું છે તેની હકીકત તેમની ફરિયાદમાં લખાવેલી નથી. જેથી ઉપરોકત ફરિયાદીની જુબાનીને આધારે આરોપી નશાની હાલતમાં હતા કે નહી તે હકીકત સંદર્ભે શંકા ઉદ્ઘભવે છે અને આરોપી વિરૂદ્ધનું તહોમત નિ:શંકપણે સાબિત થતું નથી.

(૧૪) વધુમાં, આ કામે આંક–૧૫ થી ડો. સાહેદ હાર્દીકભાઇ પટેલની જુબાની નોંધવામાં આવેલ છે. પરંતુ તેઓની જુબાની ઘ્યાને લેવામાં આવે તો આ કામના આરોપીએ આલ્કોહોલનું સેવન કરેલ હતું કે કેમ એ હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. તે ઉપરાંત, સદર કામે આંક–૨૦ થી સમરસિંહ વખતસિંહને તપાસવામાં આવેલ છે. જો કે હાલના કેસના ત.ક.અ.શ્રી છે. તેઓએ પોતાની જુબાનીમાં બનાવ અંગે લાગતા વળગતા સાહેદોનું નિવેદન નોંધી આરોપીની અટક કરી, પંચનામું કરી આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવા હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે. ત.ક.અ.શ્રી ની જુબાની ઘ્યાને લેવામાં આવે તો તેઓને ફરિયાદ મળ્યા બાદ તેઓએ તપાસ કરેલી તેમજ આ કામના આરોપીને અટક કરી તેમના નિવેદન લીધા સિવાય અન્ય કોઇ સાહેદના નિવેદન કે પંચનામા તેમણે કરેલા નથી. જેથી બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો સહેલાઇથી મળી શકે તેમ હોવા છતાં આ કામે પોલીસ સાહેદો સિવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોનો પુરાવો લેવામાં આવેલ નથી. આમ, સદર કામે પોલીસ સાહેદ સિવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી તેમની

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

જુબાનીને સમર્થન પ્રાપ્ત થતું નથી જેથી આ કામના આરોપીને શંકાનો લાભ મળવાપાત્ર બને. વધુમાં, આ કામે તપાસવામાં આવેલા પંચસાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી જેથી પંચનામાની હકીકતો માની શકાય નહી. પંચો હોસ્ટાઇલ હોઇ પંચનામાની હકીકતો સંપૂર્ણપણે સાબિત થઇ પુરવાર થતી નથી તેથી પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૫) સદર કામે મોટર વ્હીકલ એકટની કલમ– ૧૮૫ નું મૂલ્યાંકન કરવામાં આવે તો, આ કામના આરોપી ઉપરોક્ત વાહન દારૂ પીને નશાની હાલતમાં ગફલતભરી, બેદરકારી રીતે અથવા તો મનુષ્ય જીવન જોખમાય તે રીતે ચલાવતા હોય તેવો કોઈ વિશ્વાસપાત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી તેમજ આરોપી પોતાનું વાહન કોઇનું જીવ જોખમાય તેવી રીતે દારૂના નશાની હાલતમાં હંકારી લાવતો હતો તેવી કોઇ હકીકત ફરિયાદપક્ષ દ્ધારા રેકર્ડ પર લાવવામાં આવેલી નથી. આમ, ઉપરોકત ચર્ચા મુજબ મોટર વ્હીકલ એકટની કલમ– ૧૮૫ મુજબનો ગુનો આરોપીએ આચરેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે.

(૧૬) આમ, રેકર્ડ પરનો પુરાવો જોતાં આરોપી ઉપર શંકા ઉદ્ધભવે છે કે તેઓએ ફરિયાદવાળો ગુનો કરેલ છે પરંતુ કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે શંકા ગમે તેટલી મજબૂત હોય તો પણ તે કાનૂની પુરાવાનું સ્થાન લઈ શકે નહી. વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો મુજબ ફરિયાદપક્ષને પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો પ્રોસીકયુશનના શીરે હોય છે. પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં, રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી

એક બાજુ એમ જણાઈ આવતું હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતું હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરિયાદીએ પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરિયાદપક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં, ફોજદારી ન્યાયશાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે,''સો ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહી.'' આમ, ઉપરોકત કરેલ ચર્ચાના કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત જણાતું નથી. વધુમાં **નામદાર સર્વોચ્ચ અદાલતે ''કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ – એ.આઈ.આર.– ૨૦૧૨ એસ.સી. ૭૮૬** માં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા નં. ૨૮ માં એમ ઠરાવેલ છે કે,

> "It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion, however strong, can never take the place of proof. There is indeed along distance between accused 'may have committed the offence' and 'must have committed the offence which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR

of innocence has been recognized as a human right which cannot be wished away. Reference in this context can be made to the case of NarendraSingh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Mahsrashtra and Ors. (2005) 5 SCC 294. To the same effect is the decision of this Court in Ganesan v. Rama S Raghuraman and Ors. (2011) 2 SCC 83 where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

(૧૭) આમ, રેકર્ડ ઉપરની હકીકત, રજુ થયેલ પુરાવા, બંને પક્ષકારો તરફે દલીલો તથા ઉપર મુજબ કરેલ ચર્ચાને ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નંબર- ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના હિતમાં મુદ્દા નંબર- ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-::આ ખ રી હુ ક મ::-**

(૧) આ કામના આરોપી **વૈભવ જયેશકુમાર શાહ,** ઉં.વ.૩૨, વ્યવસાય- વેપાર, રહે. સી-૭૦૪, રીવેરા હાઇટ્સ, કોલેજ રોડ, ગોહરબાગ, બીલીમોરા, તા. ગણદેવી, જિ. નવસારી નાઓને **પ્રોહીબીશન**

**P.R.Dhankhar**
JMFC - DHARAMPUR

**એકટની કલમ– ૬૬(૧)બી તથા મોટર વ્હીકલ એકટની કલમ– ૧૮૫ મુજબ** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૫(૧) અન્વયે **શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી** છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો.

**(૩)** આરોપીના અગાઉ આપેલ જમીનખત તથા જાતમુચરકા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમયગાળા માટે લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–૦૬, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.: ૦૬/૦૬/૨૦૨૬
સ્થળ : ધરમપુર

**(પારુલ રાજપાલ ધનખડ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ અને
જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ
ધરમપુર, વલસાડ.
**જી.જે.૦૧૬૭૧**

**P.R.Dhankhar**
JMFC – DHARAMPUR